નુરેહીદાયત.

યાને

હીદાયતનુ નુર

જેની અંદર નમાઝની રીત ગુજરાતી શાફ આપશમા
વાતચીત કરવાની ઝબાનમા

લખીછે.

ને નમાઝ વઝુ વગેરાની રીત જનાબે શેખ ઝૈનુલ
આબેદીન મુજતહીદ નાઇબે ઇમામની કીતાબ
મુજબ લખીછે.

છપાવી વકફ કરનાર

ગુલામ હુશેન તથા દાઉદભાઇ પીરભાઇ.

ધી ઍંગ્લો-જ્યુઇશ ઍન્ડ વર્નાક્યુલર પ્રેસમાં છાપ્યુંછે.

૧૮૮૯.

નુરેહીદાયત.

યાને

હીદાયતનુ નુર

મોઅમીનોની ખીદમતે શરીફમા હકીર ગુલામે અલી ઇબને ઇસમાઇલ અરઝ કરેછે જે આએ નમાઝની રીતની કીતાબ ઘંણાંજ થોડા મતલબમા લખીછે માટે વઝુતથા ગુશલતથા નમાઝના હુકમ વાજીબઅને સુંનંત જુદાજુદા બયાન કરા નથી ફકત જેમ બને તેમ નમાઝ શીખવા સારૂ આસાન રીતે બીનાલખીછે માટે વધારે ખુલાશો જોતો હોએતો આલીમ ને પુછવા થી ખબર પડશે અને આ એકીતાબનુ નામ નુરે હીદાયત રાખુછે અને આએ કીતાબ માં કોઇ ઠેકાણે ભુલ જોવામા આવેતો સુધારીને શવાબમા દાખીલથાએ.

બીસ મીલ્લાહીર રહેંમાનીર રહીંમ.

અલ્લા હુમ્માં શલ્લે અાલા મોહંમ મદ વ આલે મોહંમમદ પેહલે તાઅંરીફ એવા ખુદાવંદ કરીમની કે જે વાહેંદહુ લાશરીક છે તેનો કોઈ શરીક તથા માં બાપ બાઈડી છોકરા વગેરાહ નથી તે જોવામા આવતો નથી તેમ તેને મોત નથી તેમ તે કોઈનો મોહતાજ નથી તમામ એબથી પાકછે તે પાક પરવરદીગારે કુરઆને શરીફમા ફરમાવ્યુ છે વમા ખંલકં તુલજીન્નાં વલ ઈનસા ઈલ્લા લેયઅં બોદુન એટલે ખુદા ફરમાવેછે મેં જીન અને ઈનસાનને ફકત મારી બંદગીનેજ વાસ્તે પેદા કરા છે બીજા કોઈ કામ વાસ્તે પેદા કરયા નથી જાણવુ જોઈએ કે બંદગી કરવાથી ખુદાને કાંઈ ફાઈદા નથી તેઃ બંદગી ન કરવાથી તેને કાંઈ નુકશાન નથી અગર તેના હુકમ પરમાણે ચાલશુ તો જનંત મલશે અગર તેના હુકમથી ઊલટા ચાલશુ તો દોઝખમા નાખશે માટે હર ઈનસાનને ફરઝ છે કે પેહલે પોતાના પૈદા કરનારને ઓલખે અને

તેના હુકમ પરમાણે ચાલે ખુદાને આદીલ જાણે અને મરવાબાદ કયામત થાસે તે બરહૅક શમજે અને પૈગંમબર તથા ઇમામોને ઓલખે બયાન કલેમાહ નુ

કલેમાહ

લાઈલાહા ઈલ લલ લાહ મોહૅમ મદુન રસુ લલ લાહ અંલીયુન વલીયુલ લાહ વશીયો રસુ લીલ લાહ–કલેમાહની માઇના.

લાઇલાહા ઈલલલ લાહ યાને બંદગીની લાએક ખુદા સીવાઈ કોઇ નથી મોહમ મદુન રસુ લુલ લાહ યાને આપડા પૈગંમબર હઝરત મોહમ મદ મુશતફા શલ લલ લાહો અલએહે વઆ લેહી વશલૅમ ખુદાના રસુલછે યાને ખુદાના ત રફથી આપણને દીનનો રસ્તો બતાવનાર છે અંલીયુન વલી યુલ્લાહ યાને હૅઝરત અંલી અલ એહીશ શલામ ખુદાના તરફથી તમામ દુની આના હાકીમછે પૈગંમબર નીબાદ વશીયો રસુ લીલલાહ યાને પૈગંમબર નોવશી બૅરહકછે

જેને આપણે ઈમામ કહીએછંએ તે ઈમામ ૧૨ છે અને રસુલે ખુદાની બાદ દુનીઆના હાકીમ અને શરદારછે તેની અંદરઃ—

પેહલા ઇમામ હજરત અંલી અંલએહીશ શલામ

બીજા ઇમામ હજરત હંશન અંલએહીશ શલામ

તીજા ઇમામ હજરત હુંશેન અંલએહીશ શલામ

ચોથા ઇમામ હજરત ઝેનુલ આબેદીન અલએ
હીશ શલામ.

પાંચમા ઈમામ હજરત મોહંમમદ બાકેર અંલએ
હીશ શલામ

છઠા ઇમામ હજરત જાઅંફરે શાદેકં અંલએહીશ
શલામ

શાતમા ઇમામ હજરત મુશા કાઝીમ અંલએહીશ
શલામ

આઠમા ઇમામ હજરત અંલી મુસારઝા અંલએ
હીશ શલામ

નવમા ઇમામ હજરત મોહંમદ તંકી અંલએહીશ
શલામ

દશમા ઈમામ હઝરત અલીયુન નકી અલએહીશ્ર શલામ

અગીઆરમા ઇમામ હઝરત હશન અશકરી અલએહીશ શલામ

બારમા ઇમામ હઝરત મહેદી શાહેબે ઝમાન અલએહીશ શલામ

બારામા ઇમામ ખુદાનાહુકમથી ગાએબછેજ્યારે ખુદાનો હુકમ થાશે તીઆરે ઝાહેર થઈને તમામ દુનીઆને શીઆહઈશના અંશારી એક દીન કરશે અને કેટલાક હજાર વરશ સુધી રાજ કરશે બાદ પછી કયામત આવશે.

જાણવુ જોઇએ જે હર ઇનશાનને જરૂરછે કે ખુદાની બંદગી કરે ને બંદગીમાં પેહલી નમાઝ વાજીબછે દીકરીને નવ વરશ પુરાથવા પછી અને દીકરાને કોઇ આલીમના કેવા પરમાણે ૧૪ વરશ પુરાથવા પછી નમાઝ પડવી વાજીબછે અને નમાઝ એવી ચીઝ છે કે હદીશમાછે કે નમાઝ કબુલ તો તમામ ઇબાદત કબુલ અગાર નમાઝ કબુલ નહીં તો કોઈ ઇબાદત ખુદા

કબુલ નહીં કરે અને નમાઝ પડવાના ઘણા શવાબ છે તેમ ન પડવામાં ઘણા ગુનાહછે અને પાંચ વખત નમાઝ પડતાં આશરે અડધી કલાક લાગેછે ને તેટલા સારૂ ખુદાનો હુકમ તોડી ખુદાને નારાજ કરી અઝાબની અંદર દાખીલ થાવુ ઘણુ ભુલ ભરેલું શેતાનના ધોખાનુ કામ છે માટે કોઈ વકત નમાઝ કઝા નહી કરવી નમાઝ કેવી ચીઝછે કે આકા હુશેન અલએહીશ શલામે પણ કરબલાના મેદાન માશહીદ થાતી વખતે શીમર હરામઝાદા ની પાંશે નમાઝ પડવા ની મોહલત માંગી એવી હાલતમા કે ભાઇના ભત્રીજાના દીકરાના દાગ ઊઠાવેલ અને શેંકડો ઝખમ તીરના અને તલે વારના ખાધેલા તેવી હાલતમા પણ નમાઝને નહીં ભુલો માટે અફશોશ એના હાલવ ઊપર જે શીઆં નો દાવોકરે ને નમાઝ ન પડે શીઆની નીશાની એછે કે ખુદાઆને રસુલ ને ઇમામુના હુકમ પરમાણે ચાલે. નમાઝનુંબયાન જાણવુંજોઈકે નમાઝની રીત જનાબે શેખ ઝેનુલ આબે દીન જે ઇમામના નાએબછે ને ખુદા

રસુલનો હુકમ બતાવેછે તેની કીતાબ પરમાણે
લખ્યું છે જાણવું જોઈકે નમાઝ હમેશ પાંચ વ
ખતની વાજીબછે તે શતર રકાતછે સુબહની બે
રકાત ઝોહરની ચાર રકાત અને અશરની ચાર
રકાતને મગરીબની ત્રણ રકાતને ઇશાની ચાર
રકાત કુલથઈને ૧૭ રકાતછે નમાજના વખતનુ
બયાન જાણવુંજોઇકે જે પરમાણે કીતાબમા લખુ
છે પરમાણે નમાઝના વખત નુબયાન લખુ
તો મોઅમીનોન શમજવુ મુશકીલથાએ તેથી
તેનો ખુલાશો લખુછું સુબહની નમાઝને વખત
સુબહ શાદીક થીતે સુરજ નીકલીઆ સુધીછે
અને સુબહ શાદીક આશરે સુરજ નીકલવાને
૧ા કલાકને થોડીક મીનીટુ જેટલો વખત હોએ
તારે થાએછે અને ઝોહરની નમાઝનો વખત બે
પહોર પછી સુરૂ થાએછે અને તેની બાદ
અશરની નમાઝનો પણ વખતછે ને બેઈ નમાઝ
જીયાંસુધી સુરજને આથમવાને પાંચ રકાત
પડે એટલો વકત હોએ ત્યાં સુધી અદા પડી
શકેછે અને મગરીબની નમઝ નો વખત સુરજ

આથમા પછી સુરૂ થાએછે અને તેની બાદ ઇશાનો નમાઝ નો વખત સુરૂ થાએછે ને બેઇ નમાઝની વખત અરધી રાતને પાચ રકાત પડે એટલો વખત બાકી રહે ત્યાં સુધી અદાછે અને સુરજ કયારે આથમે છે જયારે ઊગમણી બાજુથી જે રતાશ નીકલેછે તે મટી જાએ ને કાલપ થાએ તીઆરે અને તે રતાશ માથાના ઊપરની હદની અંદર શુધી હોએ તે જાણવું જોઈકે જયારે નમાઝ પડવી હોએ તીઆરે આખુ આંગ પાકજોઈ ને નમાઝના કપડા પણ પાક જોઈ અને નમાઝ પડે તારે વઝુ કરીને નમાઝ પડે અગર ગુશલ કરવાની હાજત હોએ તો શલ કરે અને અગર તયમમુમ કરવાની હાજત હોએતો તયમમુમ કરે અને ગુશલને તયમમુમનું બયાન નીચે આવશે.

બયાન વઝુનું.

વઝુ કરે તારે પાક પાણી જોઇ તે લઇને નીયંત કરે કે વઝુ કરૂછું ખુદાની ખુશી વાસ્તે પછી મોહુ ધોવે માથાના મોવાળા ઊગવાની જગ્યોથી તે હુડી શુધી લંબાણ મા અને વચલી આં

ગળીને અંગુઠાની અંદર શમાએ એટલુ પગ તાણમા ધોવે પછી જમણો હાથ ધોવો પછી ડાબો હાથ ધોવો ને બેઇ હાથ કોણીથી જરા ઊપરથી ધોવે આંગળઊના માથા સુધી પછી આગળની બાજુનો માથાનો મશહું કરે યાને હથેળી અથવા આંગળીઊ અથવા બેઇ માથા ઊપર રાખીને થોડુક તાણે પછી જમાણો પગને ડાબા પગનો મશહું કરે ને પગની આંગળી ઊના માંથા ઊપર હથેળી અથવા આંગળીઊ અથવા બેઇ રાખીને ખેંચે યાને તાંણે જરા કાંડા ની નીચે સુધી ઊપર લખા મુજબ વઝુ કરે તો બશછે અને મશહું હાથનીજ ભીનાશથી કરે બી જુ પાણી નહી લીએ અગર હાથ સુકાઇજાએતો વઝુના કોઇપણ ભાગમા જયાં ભીનાશ હોએ ત્યાંથી લઇને મશહું કરે વઝુના થોડાક મશાએ લનુ બયાન. વઝુકરવાની પેહેલા વઝુ કરવાના ભાગ હાથ મોહુ વગેરા પાક જોઇ વઝુ કરે તારે વઝુનુ પાણી પોચવાને કોઇ ચીજ આડી હોએ મીણ વગેરા તો કાઢી નાખે અને વઝુ કરે તારે

મોહુ હાથ ઊપરથી નીચે ધોવે ને નીચેથી ઊપર ઊલટુ ન ધોવે અને એક વખત વઝુ કરે પછી ફરી બીજી નમાઝ શારૂ વઝુ કરવાની જરૂર નથી અગર આખો દીવશ વઝુ રહેતો આખા દીવશની નમાઝ વાસ્તે વઝુ કરવાની જરૂર નથી હા અગર વઝુ ટુટી જાએતો બીજી નમાઝ શારૂ વઝુ કરે.

બયાન વઝુને તોડવા વાલી ચીજોનુ જાણવુ જોઇએકે વઝુ કેટલા એક શબબથી ટુટી જાએ છે તેમાથી કેટલા એક શબબ લખુછું ઊંઘી જવાથી અને બે ભાન થઇ જવાથી પેશાબ કરવાથી અને ઝાડે ફરવાથી અને વાજીબ ગુશલ કરવાની હાજતથવાથી.

બયાન વાજીબ ગુશલનુ યાને નાહાવાનુ જાણવુ. જોઇકે ગુશલ વાજીબ મરદોને માટે ત્રણછે અને ઓરતુને માટે છ છે મરદોને માટે ત્રણ તેના નામ પેહલુ ગુશલ જનાબતનુ બીજુ ગુશલ મશે મયત યાને મઇયતને ગુશલ ખુદાના હુકમ પરમાણે આપવાની પેહલા તેની શરતુ મુજબ

અડવું ત્રીજુ ગુશલ મઇયતનુ અને ઓરતુ માટે ઉપરના ત્રણે ગુશલ અને હેઝ અને નીશા શ અને ઇશતે હાઝા આત્રણે ગુશલ મલીને છછે ગુશલ વાજીબછે બયાન ગુશલ કરવાની રીતનુ જાણવુ જોઇએકે ગુશલ વાજીબ હોએ અથવા સુન્ંત હોએ તે કરવાની રીત એકજ છે ફકત નામ ફેરછે જેજે ગુશલ કરવુ હોએ તેની નીયંત કરવી જોઇએ નીચે લખા મુજબ ગુશલ કરે તો પણ થઈ શકેછે ગુશલ કરેતારે પાક પાણી જોઇએ તે પાકપાણી લઇને પોતાના આંગ મા કોઇપણ જાતની ન જાશત (નાપાકપણુ) હોએ તેને બે વખત ધોઇ નાખે પછી જે ગુશલ કરવુ હોએ તેની નીયંત કરે અગર જનાબતનુ ગુશલ કરવુ હોએ તો નીયંત કરે કે ગુશલ કરૂછું જનાબતનું ખુદાની ખુશી વાસ્તે પછી માથુને ગરદન ધોવે ને ગરદન ચારે તરફ જરાવધારે નીચેના ભાગમા ધોવેને કાન વગેરા તમામ ધોવે માથાના મવાળાની નીચે પાણી પોચાડે બરાબર માથુ ગરદન ધોવાઇ જાએ તી

આર પછી જમણી તરફનુ અડધુ અંગ ગરદન થીતે પગની આંગળીઊને પગનાતળી આ સુધી ધોવે ને જમણી બાજુ ધોતી વખતે જરા ડાબી બાજુની ભાગ વધારે ધોવે અને શરમની જગા તથા ડુટીને તમામ ધોવે કારણકે તેમા અડધો ભાગ ધોવો મુશકીલછે પછી તેમજ ડાબી બાજુનો અડધો ભાગ ગરદનથી તે પગના તળીઆ સુધી ધોવે અને ડાબીબાજુ ધોતી વખતે જરા જમણી બાજુનો ભાગ ધોવે અને શરમની જગાને ડુંટી ને તમામ ધોવે તેપરમાણે ધોવાથી ગુશલ ઊતરે છે અગર તેમ નહીં ધોવેને પોતાની ખુશીમાફક બીજી કોઇરીતથી હજારો હાંડાથી નાહાએતો ગુશલ નહી ઊતરે અગર જનાબતનુ ગુશલ કરૂ હોએતો નમાઝ ને વાસ્તે વઝુ નકરે એમજ નમાઝ પડે હાં અગર વઝુને તોડવાનો કોઇ શબબ ગુશલે જનાબત કરાબાદ થીઓ હોએ તો વઝુ કરવુજોઇએ.

બયાન તયમ મુમનુ.

જાણવુજોઇકે ગુશલકરવા અથવા વઝુકરવા માટે પાણી નમળે અથવા ઠંડાઅથવા ગરમ

પાણીથી વઝુકરે યા ગુશલ કરે તો આજારીપડે અથવા આજાર વધી જાએ અથવા વજુકરવાથી અથવા ગુશલ કરવાથી નમાઝનો વખત જાતો હોએ તો તયમ મુમ કરીને નમાઝ પડવી જોઇએ અને નીચે લખ્યામુજબ તયમમુમ કરેતો બશછે. તયમમુમની રીતનુબયાન. જયારે તયમમુમ કરે તારે પેહલે નીયંત કરે કે તયમમુમ કરૂછું વ જુને બદલે યા ગુશલને બદલે ખુદાની ખુશી વાસ્તે પછી બેઈ હથેળી ભેગી કરીને ઝમીન યા માટી યા પાણા યા રેતી જે પાક હોએ તેના ઊ પર પછાડે પછી માથાના મોવાળા ઊગવાની જગા ઊપર બેઇ હથેળી રાખીને નાક સુધી ખે ચે પછી જમણા હાથની ઊલટી બાજુ ના કાં ડાની જરા ઉપર ડાબા હાથની હથેળી આંગ ળીઊ સુધાં રાખીને ખેંચે આંગળીઊના માથા સુધી પછી ડાબા હાથની ઊલટી બાજુ નાકાં ડાનો જરા ઊપર જમણા હાથની હથેળી આંગ ળીઊ સુધાં રાખીને બેચે આંગળીઊના માથા સુધી એ પરમાણે કરવાથી તયમમુમ થઇ શકેછે.

બયાન અઝાન અને એકાં માહનુ

જાણવુ જોઇકે જયારે નમાઝ પડે તીઆરે અઝાન અને એકા માહ કહીને નમાઝ પડવાના ઘણા શવાબ છે અગર તેનુ બયાન લખુતો લંબાણ થાએ તેથી લખુ નથી અઝાનની રીત (૪) વખત અલ્લાહો અકબર (૨) બે વખત અ શહદો આન લાઇલાહા ઇલ લલ લાહ.

(૨) બે વખત અશહદો અન્ના મોહંમ મદન રસુલુલલાહ (૨) બે વખત અશહદો અન્ના અંલી યન હુજ્જ તુલ્લાહ (૨) બે વખત હેયા અંલલશલા હ (૨) બે વખત હેયા અંલલ ફલાહ (૨) બે વખત હેયા અંલા ખેરીલ અંમલ (૨) બે વખત અલ્લા હો અકબર (૨) બે વખત લાઇલાહ ઇલલલલાહ એકાં માહની રીત એમછે જેમ અઝાનમા છે પણ પેહલે વખત અલ્લાહો અકબર (૨) બે વખત કેવુ ને હેયા અંલા ખેરીલ અંમલની બાદ રૂબે વખત કંદ કાં મતેશ શલાહ કહે અને આખરમા લાઇલાહા ઇલલલલાહ ફકંત એક વખત કહે.

બયાન નમાઝ પડવાની રીતનુ.

જાણવુ જોઇકે નીચે લખા મુજબ નમાઝ પડે તો પણ બશછે જે વખત નમાઝ પડવા ઉભો રહે તારે શીધો કીબલા તરફ ઉભો રહે અને શીજદા કરવા શારૂ મોહર માટીની અથવા લાકડુ અથવા પથર જે ચીજ ખાવા પીવાની અને ધાતુની અંદરની ન હોએ અને પાક હોએ તે રાખે મતલબ એજ એવી ચીજ ઉપર શીજદા થઈ શકેછે પણ કપડું શોનુ ચાંદી હીરા મોતી વગેરા ઊપર શીજદા થઇ શકતો નથી અને શીધો ઊભો રહી જે નમાઝ પડવી હોએ તેની નીયત દીલમા કરે જેમકે શુબહની નમાઝ પડવી હોએ તો નીયત કરે શુબહની નમાઝ પડુછું ખુદાની ખુશી વાસ્તે પછી નીયતની બાદ તકબીરતુલ એહરામ કહે યાને અલ્લાહો અકબર કહે પછી અલહમ્દાની સુરહ નીચે મુજબ પડે બીશમીલ્લાહીર રહેમા નીર રહીમ અલહમ્દો લીલ્લાહે રબ બીલ

આલમીન અર રહેમાનીર રહીમ માલેકે યવ
મીદ દીન ઈય યાકા નઅબોદો વઈયાકા ન શતા
ઈન એહ દેનસ શેરાતલ મુશ તકીમ શેરાતલ લ
ઝીના અન અમતા અલએહીમ ગએરીલ મ
ગઝુ બે અલએહીમ વલઝ ઝાલલ્લીન.

પછી કુલહો વલ્લાહ ની સુરહ નીચે મુજબ
પડતો બશછે બીશમીલ્લાહીર રહેમાનીર રહીમ
કુલહો વલ્લાહો અહદ અલ્લાહુશ સમદ લમ ય
લીદ વલમ યુલદ વલમ યકુન લહુ કોશેવન અ
હદ પછી રૂકુમા જાએ એટલે ગોઠણ સુધી હાથ
પોહોચે એટલું ઝુકે ને રૂકુની અંદર નીચે મુ
જબ ત્રણ વખત પડતો બસછે શુબહાનલ્લાહે પછી
શીધો ઊભો થઈને શમે અલ્લાહો લેમન હમે
દાહ: પડીને શીજદામા જાએ યાને બેઈ હથેળી
ને બેઇ પગના અગુઠા ને બેઈ ગોંઠણ ને પેશાની
યાને કપાળ એ શાતે આંગના ભાગ નીચે રાખે
ને શીજદામા નીચે મુજબ ત્રણ વખત પડ તો
પણ બશછે શુબહાનલ્લાહે અને કપાળ ને ઊપર

લખી ચીજુ શીવાઇ બીજી ચીજ ઉપર કે (જેના ઉપર શીજદા દુરસત છે કે નહીં) (જીંયા સુધી ખબર ન પડે ન રાખે) પછી શીજદા મા થી બેઠો થાએ અને અશ તગંફેરૂલ લાહા રબ્બી વ અતુ બો એ લએહ બેશીને પડે પછી બીજો શીજદા કરે ને પેલા શીજદાની જેમ પડે પછી બેઠો થાએ અને બીજી રકાત શારૂ ઉભો થાતો થાતો નીચેલખા મુજબ પડે બેહંવ લીલ્લાહે વકુંવ વતેહી અકુંમો વઅ'કઉંદ પછી શીધો ઉભો ર હીને ઉપર લખા મુજબ અલહંમદો અને કુલહો વલ્લાહ ની બેઇ સુરહ પડે પછી બેઇ હાથ ઊંચા કરીને કુંનુત પડે ને કુંનુતમા કોઇ એક દુંઆ પડે અગર નીચે મુજબ કુર આન નીઆ યત પડે તો પણ બશછે રબ બના આતેના ફીદ દુનીઆ હસનતન વફીલ આખેરતે હસનતન વકેંના અંઝાબન નાર પછી પેલા રકાતની મારૂક રૂકુ કરી બેઇ શીજદા કરીને પછી બેશીને તશાહુંદ નીચે લખ્યા મુજબ પડે અપહદો અને

લાઈલાહા ઈલલલ લાહો વહૅદહુ લાષરીક લહુ વ અષહેદો અન્ના મોહૅમ મદન અૅબદોહુ વરસુલોહુ અલ્લા હુમ્મૅ શલ્લે અૅલા મોહૅમમદ વ આલે મોહૅમમદ પછી શલામ પડે ને નીચે મુજબ એક શલામ પડે તો પણ બશછે અસ સલામો અૅલએકુમ વરહૅમ તુલ લાહે વબરકોતાહુ એ પરમાણે પડવાથી સુબહૅની નમાઝ તમામ થઈ અને ઝોહરની નમાઝ પડવી હોએ તીઆરે નીયૅત કરે કે ઝોહરની નમાઝ પડુછું ખુદાની ખુશી વાસ્તે પછી સુબહની નમાઝની જેમ બેઈ રકાત પડે પણ તષહુૅદ બાદ શલામ ન પડે ને તષહુૅદ પડીને ત્રીજી રકાત શારૂ ઊભો થઈને ત્રીજી રકાતમા જોઈ તો એક વકૅત અલહૅમ દોની સુરત પડે તો પણ બશછે અને અગર નીચે લખા મુજબ તશબીહાતે અરબાઅૅ એક વખૅત યા ત્રણ વકૅત પડે તોપણ પડી શકેછે સુબ હાનલ્લાહે વલ હૅમદો લીલ લાહે વ લાઇલાહા ઈલ લલ લાહો વલ લાહો અકબર પછી રૂકુકરી બેઇ

શીજદા તમામ થીઆ બાદ પછી ચોથી રકાત શારૂ ઊભો થાએ ને ત્રીજી રકાતમા જે પડ્યો હતો તે પરમાણે પડી રૂકુ કરીને બેઇ શીજદાહ કરીને બેશીને તશાહુદ તથા સલામ ઉપર લખ્યા મુજબ પડે તો ઝોહરની નમાઝ તમામ થઈ અને અશરની નમાઝ પણ ઝોહરની નમાઝની જેમ પડે ફકત નીયઁત આશરની કરે તેમજ મગરીબની નમાઝ ઝોહરની નમાઝની જેમ પડે પણ નીયત મગરીબની કરે અને જયારે ત્રીજી રકાત બેઇ શીજદા પુરા થાએ તીઆરે તશાહુદ અને શલામ પડે તો મગરીબની નમાઝ તમામ થઈ અને ઇશાની નમાઝ પણ ઝોહર આશરની જેમ ચાર રકાત પડે પણ નીયઁત ઇશાની કરે એ પાંચે વખઁતની નમાઝ પુરી થઇ બયાન નમાઝ થોડા એક મશા એટલનુ જાણવુ જોઇકે ઝોહર તથા અશરની નમાઝની અંદર પેલી તથા બીજી રકાતમા અલ હઁમદો તથા કુઁલ હો વલ લાહનો સુરો અને ત્રીજી તથા ચોથી રકાતમા અલહમદો નીસરત આથવા તશબી હાતે અરબાઅ

આસ્તે પડે કે આવાજ ન કાડે કોઇ છાની વાત એક બીજાના કાનમા કેમ કરીએ છઇ તેમ પડે તો બશછે અને બીજી ચીજુ તથા બેઈ સુરતની બીશમીલ લાહે મા ઇખતીઆર છે જોઇતો આ વાજથી પડે જોઇ તો આહીસ્તા પડે અને સુ બહુની તથા મગરીબની તથા ઈશાની નમાઝમા પેહલી બેઇ રકાતની બેઈ સુરહ આવાજથી પડવી જોઇ એ અને મગરીબ તથા ઇશાની ત્રીજી તથા ચોથી રકાતમા અલહંમદોનો સુરી અથવા ત શબીહાં તે અરબા અંજે પડે તે આહીશતા પડે ને બાકી બીજી ચીજુમા ઈખતીઆર છે જો ઇતો આવાજથી પડે જોઇતો અહીસ્તા પડે જા ણવું જોઇ કે નમાઝ પડતાં પડતા કાંઈ ખાવુ અથવા પીવું નહીં ને વાત કરવી નહીં ને દુની આના કામ શારૂ રેવુ નહીં ને હાથ બાંધીને ન માઝ પડવી નહીં અને અલહંમદોની સુરત બાદ આમીન કેવુ નહીં અને કીબલા તરફથી આડુ અવડું ફરી જાવુ નહીં અને નમાઝ પડતા પડતા અગર વઝુ ટુટી જાએ તો નમાઝ પણ

ટુટી જાએ છે ફરીથી વઝુ કરીને નમાઝ પડે બ
યાન નમાઝ બાદ પડવાનુ જાણવુ જોઈકે નમાઝ
પડા પછી ખુદાના દરબારમા પોતાની હાજ
તની દુઆં માગવી ને બીજા મોઅમીનો વાસ્તે
દોઆઁ માંગવી તેમા ઘણો શવાબછે અને બીજી
કેટલી એક દુઆંઊ પડવાની છે પણ લંબાણ
ના શબબથી લખી નથી અને જનાબે ફાતેમા
અઁલએ હશ શલામ જે તશબીહઁ પડતા હતા
તે પડવાનો કેટલો એક ઘણોજ શવાબછે માટે
પડવા ચુકવુ નહીં અને તે તશ બીહઁ નીચે મુ
જબ પડે (૩૪) વખઁત અલ્લાહો અકબર અને (૩૩)
વખઁત અલહઁમદો લીલલાહ (૩૩) વખઁત સુબહાઁ
નલ લાહ અને નમાઝ બાદ ઇમામુની ઝીઆ
રત પડવાને ઘણોજ શવાબછે ઇન શાઅલાહ
એક કીતાબ ગુજરાતી ઝબાનમા દુઆઁઊ તથા
શવાબના કામ વગેરાના બયાનમા તથા અહલે
બએત નીસ તાઅઁરીફ અને ફઝીલતના બયા
નમા તથા શારી નરશી તારીખ તથા વાર વગે
રાના બયાનમા લખવાનો વીચાર છે અગર

કોઈ મોઅમીન તે છપાવવાનો વીચાર હોએ તો આંએ આશી ગુનેહગારને લખી જણાવે તો લખીને ઠેકાણા મુજબ ખીદમતે શરીફમા મોકલવામા આવશે એજ તો મોઅમીન આએ કીતાબને વાંચે તે આએ ગુનેહગાર બંદાને દુઆએ ખેરથી યાદ કરે તા૦ ૨૭ મી રબીઉલ શાની શને ૧૩૦૬ હીજરી નાજે તમામ થઈશે મોઅમેનીનના પગની રજ ગુલામે અલી ઈશમાઇલ હાલ મુકામ શ્રી ભાવનગર બંદર કાઠયાવાડ વસ સલામ.

સમાપ્ત.